# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટના બાંધકામ અનુસંધાને પાલડી જલારામ મંદિર વિસ્તારમાં આવેલ શ્રી દામુભાઇ શુકલ શૈક્ષણિક સંકુલની બાજુમાં આવેલ શ્રી શ્રી મા આનંદમયી ચોક (રિલાયન્સ 4G ટાવરવાળો ચોક) થી બેરીકેટીંગ કરી એક સાઇડનો સમગ્ર રોડ સીધો ચિરાગમોટર્સ ચાર રસ્તા સુધી મેનહોલ ફાઇન્ડીંગ ટોપોગ્રાફી મશીનથી સર્વેને લગતુ કામકાજ કરનાર હોય માટે ઉપરોક્ત રોડ ૧૨-માસ સુધી સમગ્ર વાહન વ્યવહાર સારુ બંધ રહેનાર છે.

સદર રોડની વચ્ચે આવેલ **(૧)** શ્રી કચ્છી ભવન જૈન ચાર રસ્તા તથા **(૨)** સેતુ કટ યાર્ડ ફ્લેટ ચાર રસ્તા, આ બન્ને ચાર રસ્તા વાહન વ્યવહાર સારુ ખુલ્લા રહેનાર છે અને તેની બાજુનો સમગ્ર એક જ રોડ ડાયવર્ઝન કરી બન્ને સાઇડેથી આવતા-જતા વાહન વ્યવહાર સારુ ખુલ્લો રાખનાર છે. ત્યારબાદ આ ઉપરોક્ત રોડ ઉપરની કામગીરી પુર્ણ થયા બાદ જ તેની બાજુના મુખ્ય રોડ ઉપર પણ મેનહોલ ફાઇન્ડીંગ ટોપોગ્રાફી મશીનથી સર્વેને લગતુ કામકાજ કરવામાં આવનાર છે.

શ્રી દામુભાઇ શુકલ શૈક્ષણિક સંકુલની બાજુમાં આવેલ શ્રી શ્રી મા આનંદમયી ચોક (રિલાયન્સ 4G ટાવરવાળો ચોક) થી ચિરાગમોટર્સ ચાર રસ્તા સુધી મેનહોલ ફાઇન્ડીંગ ટોપોગ્રાફી મશીનથી સર્વેને લગત ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા. ૧૧/૦૧/૨૦૧૮.

( ડૉ.સુધિરકુમાર દેસાઇ.)
ઇ/ચા. સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર